भर्तहरी नाटकनां गायन

મોરબી આર્ય સુબોધ નાટક
મંડળીને માટે

२९९२

બનાવનાર

वाघजी आशाराम ओझा.
મોરબી ઈ. ર્કુ. ફ. આ. માસ્તર

(આવૃતિ ૪ થી પ્રત ૪૦૦૦)

अमदावादमां

માણેકચોક આગળ સાંકડીશેરીમાં
પરીખ. નથુરામ શાયકણના ડેલામાં
"ગુજરાત ગેઝેટ પ્રેસ"માં
પંડયા છગનલાલ ગીરધરલાલે છાપ્યાં.

સંવત ૧૯૪૩. સને ૧૮૮૭.

કીંમત બે આના.

ભર્તૃહરી નાટકનાં ગાયનો.

ઇશ્વરસ્તુતિ.

રાગ કલ્યાણ.

શ્રી જગપતિ, પ્રભુ આપ સન્મતી, ભર્ત ભૂમી ભ્રાત માટે
કીધી આકૃતી.—ટેક.

શૂર પૂર નેક ટેક નીતી પ્રીતી ન્યાય,
સ્વદેશાભિમાન એના બાળોમાં પ્રગટાય; શ્રી૦
ધીર વીર સંપી સુખી રૈયતને રાય,
કળાને કૌશલ્ય પાછાં હતાં તેવાં થાય; શ્રી૦
આર્ય સુબોધ હીતનો બોધ દેછે દેશ વિદેશ,
પ્રાચીનને અર્વાચીન ખેલો ભજવે ધારી વેશ; શ્રી૦
વીર કરૂણાને શ્રૃંગારનો દેતી ચીતાર,
ભાઈઓ ગ્રહણ કરશો જેમાં રૂચી તમારી સાર; શ્રી૦
ગુણના ગ્રાહક દેશી મીત્રને વિનવે પ્રીતી પુર,
માફ કરી આ મનમાં લેશો, દોશ કરીને દુર; શ્રી૦
ગજાનન મહારાજ પધારો, સીદ્ધિ બુદ્ધિ સાથ,
સ્તવન કરેછે દાસ વાઘજી, ગાયે ગુણના ગાથ; શ્રી૦

રાગ બરવાનો જીલ્લો.

ભરથરી ખેલ ચાલો, આજરે ભજાવીએ;—ટેક.
નારી દુરગુણ નખ શીખ, દરશાવિએ;
બોધ સારો આપી એક, ફરજ બજાવીએ; ભરથરી.

પ્રીત કરી નારી પ્રેમ, ફુલી ન ફસાઈએ,
સાહસીક કામ કરી, સુખ ન ગુમાઈએ,
અવીચારે કામ કરી, અતી પસતાઈએ;   ભરથરી.
(આટલું થયા પછી સુત્રધાર પ્રવેશ કરી ગાયછે.)

સુત્રધાર—   **ગીતી.**

અનંત ગોળો જેણે, બ્રમાણુ શકિતમાં ગગન વિશે રાખી,
રચના સઘળે સરખી, કીધી જેણે માયા બલ નાખી,
પય પ્રગટાવ્યું જેણે, બાળક માટે જનુંનીના સ્તનમાં,
તે જગદીશ કૃપાળુ, ઇચ્છા પૂર્ણ કરો આ મુજ મનમાં.
(બીજા પ્રવેશમાં રૂપીઓ જગતકર્તાની સ્તુતી કરેછે.)

રૂપીઓ—   **રાગ.**

(નાથ કેસે ગજકો બંધ છોડાયો. એ રાગ.)
આરતી તારી ઉચરીએ, નિરંજન આરતી તારી.
ઉચરીએ—ટેક.

સરવ વ્યાપક તુજ ચૈતન શકિત, વર્ણન શું તેનું કરીએ.
શુદ્ધ-હૃદયથી જોરે આરાધીએ, તો ભવસાગર તરીએ; ની.
યોગ યગન સમાધી ધરી ધ્યાને, લક્ષ વિશે નવ ઠરીએ,
અકળગતી પરાપાર પિતુ તારી, વાણીથી શું રે વિસ્તરીએ; ની.
રચના યથાયોગ્ય આરે જગતની, મહીમા તારો ઉર ધરીએ;
દીંન વચન પ્રભુ અલ્પ સ્વીકારો, કાવ્યે કથન શું કરીએ; ની.

પ્રવેશ ૩ જો.

પીંગલા—(કેટલુંક ભાષાણ થયા પછી હાસીને કહેછે.)

ગજલ.

(ઇંદ્રસભામાં ગવાતી ઢબની.)

નારીના કટાક્ષ પાસે પુરૂષ છે ગુલામ,
હાવ ભાવને કરીને, હરીએ પુરૂષ હામ,
આ ભ્રકુટીનો વિલાસ, અને મંદ હાસ્ય,
મધુર વચન મંદ ગતી, નાખે પુરૂષ પાસ,
રણને વિશે બાણુ કોટી, નર નિવારે શુર,
આ કટાક્ષ બાણુ દાસી, પાડે યોધ પૂર,

આર્યા.

સુણુ દાસી મુજ પ્યારી, આવે જ્યારે મહેલ નૃપ મારે.
પ્રપંચ એવો કરવો, જાણે હું છું પતિવ્રતા ભારે.

દાસી—(કેટલુંક બાબણુ સામ સામું થયા પછી)

ગજલ.

(ઉપરની ઢબની.)

બાઇ આપનું શરીર તરૂણુ વયનો બાગ,
યોવનમાં વેલી સર્વ, ફુલીછે અથાગ,
અંગછે સુવર્ણ રંગ, નેત્ર મોહ બાણુ,
કમલ મુખ ચંદ્ર પ્રભા, શું કરૂં વખાણુ,
કામ દેવની પ્રીયા જે, નામ છે રતી;
તેહથી અધીક રૂપ, ધારે મુજ મતી,
ચાલ આપ ચાલો, ત્યારે હંસની ગતી,
આપ જેવી પ્રીયા દીસે, ભાગ્ય ભુપતિ,

(ત્યાર બાદ ભર્તૃહરી પ્રવેશ કરેછે અને બેઠા પછી તે-ના પ્રતે પીંગલા બોલેછે.)

પીંગલા.— રાગ.

સદા રહો પાસ પીયુ, સદા રહો પાસ,
નયનના વિલાસ મારા સદા રહો પાસ; ટેક.
સભા વિશે જાઓ પીયુ, મુકી આ અવાસ,
ખાન પાન તજી બેશું, રહી હું ઉદાસ, સદા.
પુરૂષનો વેશ કરી, રહું હું હજુર,
કહોતો એ કરૂં પણ, રીતીથી દુર. સદા.
એક તન વિશે બેહુ, તન જો સમાય,
તુરત તે કરૂં સ્વામી, પણ એ ન થાય. સદા.
ચંદ્રને ચકોર સંગ, દીપને પતંગ,
મયુરનો ઘન સંગ, પ્રીતી તણો રંગ.
હવે જો વિસેખ પીયુ, રેસો હુંથી દુર;
નકી પ્રાણ ત્યાગું મારો, જાણો નૃપ ઉર. સદા.

ભર્તૃહરી— રાગ સીંધાનો કનરો.

તારૂણી તુજથી નથીરે જુદાઈ, શશી વદની સુખ પામું
હું આહીં. તારૂણી. ટેક.
વદન મનોહર, તારૂં લલીતા, સૌરભ અંગ જઘન સુ-
ખદાઈ; શશી વદની.
ભ્રકુટી વિક્રમ સ્મિત અતી વિભ્રમ, નિરખી પ્રીયા જુ-
લું સરવેરે કાંઈ; શશી વદની.

તીનશો સાઠ ત્યાગી તુજનેરે ચાહું, તુજ વણ મુજ ક્ષણ
કલ્પ સમજાઈ; શશી વદની.

ભર્તૃહરી—(સ્વગત) પ્રવેશ પ મો

રાગ બરવાની ઠુમરી.

જનમ્યો જગમાં તે વૃથા જનમ્યો, જેને કામશૃંગાર પીછા
ન નહીં. જનમ્યો. ટેક.
મૃગનયની નીતંબન સ્પર્શ કર્યો, કદી આયુષ સર્વે અસાર
થઈ; જનમ્યો.
જે સુખ નાર વિલાસ વિશે રહ્યું, તે સુખ અન્ય વિસેજ
નહીં. જનમ્યો.

રાગ ઝીંઝોટી.

પ્રીયાકા સમાગમ સબસે હે પ્યારા, ટેક.
રતી કે શ્રમસેં પરસ્વેત બીંદુ, માનો શોભત હે તારા;
ભારી નીતંબ પરી ઉર ઉપર અંગે ચંદનકી ગારા, પ્રીયા.

શીખરણી વૃત.

વિના નારી પ્યારી, કમળ વદની સુંદર અતી,
સ્તનો ભારે પામી, કમર લચતી હંસનિ ગતી.
વિના એવી પ્રીયા, નૃપતી અહકો શોભિત કરે;
નૃપાળોની વૃતી, શ્રમ થકી ગત થૈને કહિં ઠરે.

પીંગલા.—(દાસી પ્રત્યે.)

ગજલ.

(ઇંદ્રસભામાં ગવાતી ઠબની.)

જા સખી તુ વેગે વેલી, લાવ અશ્વપાલ;

આવ સધ થાય મારી, શાંત કામ જવાળ.
મોહ્યું એથી મન મારૂં, રાખું તેથી યારી;
જીવ જહાન માહરો છે, સુંણુ સખી પ્યારી.

દાસી.—અહહ બાઈ એહ તર્ક, નથી ઘટીત આપ;
અતી પવીત્ર આપ સ્વામી, શીદ ધરોછો પાપ.
નીચ સંગ યારીમાં, ન થાય ફળ સારૂં;
સુજ્ઞ થઇને કરો બાઇ, કાર્ય આ નઠારૂં.

પીંગલા—મારી સાથે સુછે તારો, ધર્મ તું વિચાર;
અશ્વશાળા સઘ શોધી, ખોળી લાવ યાર.
મુર્ખ મોહોટો એછે પણ, જાણે ભોગ વિલાસ;
એના સમ સુખ કદી, મળે ન સ્વામી પાસ.

દાસી—પવીત્રતાનો ધર્મ ત્યાગ, કાં કરોછો બાઈ;
દિલ દિધેલ સ્વામી સાથે, ના રખો જુદાઈ.
જો કદાપી નૃપતી જાણે, આવું દુષ્ટ કાજ;
કુળ મારૂં ખોદી કાઢે, ભૂપ પુન્યરાજ.

રાગ સીંધાને કનરો.

આમ વીચાર વિના શું બોલે, પ્રીત ધરી દાસી તુજને
મેં રાખી; આમ. ટેક.
કપટ તજીને ગુપ્ત જણાવું, મદનની મોજ તુંને મેં ભાખી. પ્રી.
જોરે વિશેષ બોલીતો તુજને, કરીશ એહાલહું આરોપનાખી. પ્રી.

દાસી— **ગજલ.**

(ઇંદ્ર સભામાં ગવાતી ઢબની.)

કોપ શીદ કરોછો બાઇ, આજ્ઞા શીર ચઢાવું;

મુર્ખ સંગ યારી કરી, રહેશે તો પસતાવું.
ભર્તૃહરી દેશ પતિ, ગુણી વિદ્યાવંત;
તેવા પ્રાણનાથ તજી, આવી રાખો ખંત.

પીંગળા—(કેટલુક ભાષણ થયા પછી દાસી તેડવા જાય છે ત્યારે.)

રાગ બીહાગની ગજલ.

સુણ સખી જાયછે તું, તેડવાને કાજ;
એમ નહીં આવે યાર, મુર્ખ શીર તાજ.
ભોજનની લાલચે, એ આવશે સતાબ;
માટે એવું કહી એને, લાવ•બીન દાબ.

દાસી—એમાં કેવું નહીં પડેરે, બાઈ મુને કાંઈ,
જુગતી સરવ જાણું, સાચી આપ નામ ગાઇ.
આટલો મેં વખત કાઢયો, આપ કેરી પાસ;
મારી એ પ્રનિતી કેમ, બાઈ નહીં આપ.

દાસી—(અશ્વપાલને તેડવા જાયછે ત્યારે રસ્તામાં વિચાર કરતી જાયછે.)

રાગ આશાગોડી.

કામછે દુષ્ટ વિકારી, અહા પ્રભૂ કામછે દુષ્ટ વિકારી;
ઈંદ્ર સમાન પતિ અતિ સુંદર, અશ્વપાલથીછે યારી. આહા
ત્રણુશો ત્યાગી એકજનેચાહે,તેના ચિત્તમાંછે જારછી નારી. આ
ધીક બાઇ તુજને ધીક તારી બુદ્ધિ, વિપરીત વાત વિચારી.આ.

પ્રવેશ ૮ મો.

શાંતીરાંમ (રાજાને અમરફળ આપવા આવેછે ત્યારે

આશીરર્વાદ આપતો આવે છે.)

ત્રોટક.

વર માલવ દેશ તણા ભુપતિ,
સુખ સંપતી પામી ટળો વિપતી;
નૃપ રાજ તમારૂં અખંડીત રે,
દ્વીજ એટલી આશીશ પંડીત દે.
શત પૂત્ર અને શતકોટી ધની,
ચક્રવે નૃપ રાજ રહો અવની;
પ્રતીપાલન ભૂપ પ્રજાનું કરો,
તમને નિતી ન્યાય સદાય વરો.

ભર્તૃહરી—(રાણીને અમરફળ આપતી વખતે)

રાગ ઝીંઝોટી જંગલો.

(પનીયાં મેં કેશે તો ભરૂં, છોટી નણંદીયાં. એ ચાલ.)

ફળ એક વિપ્રથી મળ્યું, પ્રીયા મોરીરે; ટેક.
પ્રાશન આનું કર પ્રીતેથી, દુખ તવ મૃત્યુંનું ટળ્યુ;પી.
નર યા નારી આ ફળ ખાતાં, અમરતા પામે એ ખરૂં. પી.

પીંગલા— રાગ સફર.

ફળ એ આપરે જમો, પ્યારા સ્વામીરે; ટેક.
આપ અમર થઇ તખતે બીરાજો, પ્રજા સુખ ન્યાયી થઇ ગમો—પ્યારા.
હું છું નારી જાત અમર શું થાઉં પ્રજા હિત કરશો તમો—પ્યારા.

ભર્તૃહરી— રાગ ગોડી આશા.

લગની તુજથી લાગી, પ્રીયા મારી લગની તુજથીલાગી.ટેક.
તુંને ચક્ષુથી દેખું ત્યાં સુધી, હુંરે જીવું બડ ભાગી;પ્રીયા.
તારો વિયોગ થયે તુર્ત પામું, ખેદ હું થઈરે અભાગી. પ્રી.
તે માટે તુજને અમર હું ચાહું, રહે સદા સુખ આગી. પ્રી.

પીંગલા—(રાજા ફળ આપીને જાય છે ત્યાર પછી સ્વગત.)

રાગ.

જીવવું છે વૃથા મન, જીવવું છે વૃથા;
પ્રાણ પ્યારા યાર વિના, જીવવું છે વૃથા. ટેક.
અમર થશે યાર મારો, દેસે સુખ વિલાસ.
માટે નીશ્ચે એને આપું, પુરે દિલ આશ. જીવવું.

પ્રવેશ ૧૦ મો.

પીંગલાના કેહેવાથી ભર્તૃહરી પોતાના ભાઈ વિક્રમાદિત્ય-ને દેશ નિકાલ કરે છે ત્યારે વિક્રમાદિત્ય બોલે છે.)

વિક્રમાદિત્ય—

માલીની છંદ.

નથિ નથિ નથિ સ્વપ્ને, દુષ્ટ સંકલ્પ કીધો;
નથિ નથિ નથિ નીતી, ઉપરે પાય દીધો;
અચરજ અતિ પામું, બંધુ આ શું કહો છો;
મુજ નીતિ રિતિ જાણો, વેમ ક્યાંથી લહો છો;

ગજલ. (ઈંદ્રસભાની ઢબની.)

(તું મને મેરી લાસકો મટ્ટી ખરાબકી, એ ચાલ.)
એ શું બોલો છો વિવેકી ભ્રાતા ભરથરી!

એ શું વદો છો વડીલ, જીભથી કરી !
એ શું કહો છો માતુ, પીંગલાનારે પ્રભુ !
મૂજ વિશે આવી બુદ્ધિ, આરાધો શંભુ !
સમુદ્રે મર્યાદા ભ્રાત, હજુ મુકી નથી;
અગનિની શિખારે ભ્રાત, અધો ગઈ નથી;
સુર્ય માંહે અંધકાર, હજુ થયો નથી;
સિંહણ સુત તૃણ ખાવાને, હજુ ગયો નથી;
હંસની ગતીરે, કાગવત થઈ નથી;
સંત ચિત્તમાંથી દયા, હજુ ગઇ નથી;
પશ્ચિમ હજુ સુર્ય ઉદય, થવું નથી થયું !
કાષ્ટ ટેક તોડી જળમાં, નથી ડુબી ગયું !
માતુંનો વાત્સલ્ય પ્રેમ, નથી હજુ ઘટયો;
આપનો વિચાર આવો, કયાંથીરે થયો ! !

લાવણી.

અધબીચ મોબત તોડી બે દરદી દીવાના, એ ચાલ.)
ભરથરી ભ્રાતા વિચારીને તમે, કરો હું ઉપર કોપ;
વણ અપરાધે, (૨) તમે વદો વચન આરોપ, ભરથરી. ટેક.
છો શિર છત્ર, (૨) નવ લોપુ નીતી ધર્મ;
બંધુ પત્ની મમ માતછે, કયમ કરૂં અવિહિતજકર્મ. ભરથરી
કટુ વચન બાણુ, (૨) શીરપર મુકોમાં કાપ;
આગળ વાત વિચારતાં બાઇ પામશો પશ્ચાતાપ. ભરથરી
પાંડવમાં ધર્મ, (૨) લક્ષ્મણને જ્યમ રઘુવીર,
કનક ભક્તિ તેમ માહરી, નવ જાણો બંધુ કથીર. ભરથરી

ગણું આપ સેવ, (૨) મુકિત દાતા મનમાંય,
બ્રહ્મરસ ભોગી ભ્રષ્ટ થઈ, કયમ તુચ્છ વિષયને ધાય. ભરથરી
હું તજું ગ્રામ, (૨) નવ નિશ્ચે રહું આ ઠામ,
લાજે જનુની માહરી, જેને કરૂં ઘડી વિશ્રામ. ભરથરી
વિશ ભુમિમાં, (૨) અમૃત ધાર્યું છે આપ,
કટુ ફલ એનાં ચાખતાં, થશે મૃત્યુ સમ પરિતાપ. ભરથરી

પ્રવેશ ૧૧ મો.

ગુણસુંદરી--(તારાંગનાને અશ્વપાળ ફળ આપી જાય છે ત્યારબાદ ગુણસુંદરી દાસી સાથે વિચાર કરે છે.)

ગુણસુંદરી.— રાગખંભાત.

(ડોલે રે જોબન મદમાતી ગુજરીયાં. એ ચાલ.)

અમરફળ આવ્યું આ, શું તેનું તો કરવું રે;
આપણે ખાવું કે આતો, રાજાને જઈ ધરવું રે; અમર. ટેક
આરે અવતારે હું તો, નાયકા કહાવું રે.
સુરંભ એ આપ્યું મુંને, અમર શું થાવું રે. અમર.
નીચ કર્મ આવું સદા, અમર થઈ કરવું;
ભર્તૃહરી ભુપનેએ, જઇને મ્હારે ધરવું રે અમર.

પ્રવેશ ૧૨ મો.

રાજાની પાસે અમરફળ આવે છે ત્યારે તે જોઇને.)

ભર્તૃહરી —(સ્વગત.)

ગીતી.

ફળ પ્રીયને દીધેલું થાઉ અજાયબ અહીં ગયું કયાંથી,
આ ગુણીકાને હસ્તક, આવ્યું એ છે ભેદ ગુપ્ત ત્યાંથી.

પ્રવેશ ૧૩ મો.

(ભર્તૃહરી પીંગલાને કહે છે જે તેં અમરફળ ખાધું નથી
અને મારે જોઈએ છીએ માટે આપ.)

પીંગલા— રાગ ઝીંઝોટી (દાદરો.)

સ્વામીનાથ સ્વામીનાથ સ્વામીનાથ રે, ટેક.
એ ફળ મેં ખાધું પ્યારા સ્વામીનાથ રે, ટેક.
વિશ્વાસ ન આવે શાને, પ્યારી સાથરે; એ ફળ.
આપથી કંઈ વાત ગુપ્ત, રાખી નાથ રે, એ ફળ.
દીલ તંત્ર દોરી સરવ, આપ હાથરે; એ ફળ.

પ્રવેશ ૧૪ મો.

ભર્તૃહરી.—(રાણીનું બધું કપટ જણાયા પછી કહેછે.)
(નારાયણ નરસિંહ નરોતમ, પુરૂષોતમકો ધ્યાન ધરોરે. ટેક.
જે ચપળાને ચીતવું નિશદીન, તે મુજથી બેદિલ રહેરે. જે.
તે કોઇ અન્ય પુરૂષને ઈચ્છે, તે નર નાર બીજીને ચહે.
વળી તે બીજી મુજપર આશક, કહો એ ભેદજ કોણ લ્હેરે. જે.
ધિક જે પ્રથમ કરી છે પ્યારી, ધિક છે એના યાર તુંને.
ધિક તે નારી અવરજે તારી, ધિકછે કામ તથાજ મુંનેરે; જે.
ભલે ભામની જાણો સાચી, નથી થવી એ સાચીરે.
કોડ ઉપાયે કરો યત્ન પણ, કામ પ્રગટનાં કાચીરે. જે.
ધિક નર નારીના વિશ્વાસી, રહે શૃંગારે રાચી રે;
તે નર ગોથાં નકીજ ખાશે, ફસાઇ પડશે ફાંસી રે. જે.
એકજ કામની ઇચ્છા એને, એકજ સુખની પ્યાસી રે;

ઝેર -હૃદયમાં મુખમાં અમ્રત, જણાશે જુઓ તપાસીરે. જે.
છે અબળા પણ નરની ઘાતક, કઈ નર કરતી ઉદાસીરે;
ભોળપણે ભૂલો ખવરાવે, નિચ નરક નિવાસીરે. જે ચપળા.

ભર્તૃહરી.— ગજલ.

અયે કમજાત પીંગળા તેને બહોત દગા દીયા.
ભાઈજેસા ભાઈ મેને દેશ નિકાલ કીઆ. અયે કમજાત.
તેરેપર ઈતબાર રખા, તેં બુરા કીયા.
જન્મ મેરા આજ તેં, ખરાબ કર દીઆ. અયે કમજાત.
કપટ વચન બોલ કહતી, આઓ મેરે પીઆ.
જાર કર્મ ગુપ્ત કરતી, ધીક ધીક ત્રિઆ. અયે કમજાત.
નિર્દોષ મેરા બંધું, માળવ દેસશેં ગયા.
નઠોર કઠોર નારી જાત, દીલમેં નહિં દયા. અયે કમજાત.

માલિની છંદ.

વચન સરવ સાચાં, વિક્રમા બંધું તારાં;
શ્રવન યુગલ કાચાં, કામથી ભ્રાત મારાં.
વગર સમજ કાઢયો, વીર તુંને વિદેશો;
ભરથરી નૃપ ભુલ્યો, ભામનીને ભરોંશે.

ભર્તૃહરી—(પોતાના મનમાં પશ્ચાતાપ કરેછે.)

રાગ કાલીંગડો.

જીયકું મનવા ધીક ધીક હે,
મેરે બડી ઉસીકે મન ઠીક હે. જીવ ટેક.
જીને મેં સંગે રાત દીનોકું,

લપટ રહા સો અલીક હે. સ્ત્રીય.
પ્રીયા કીની મેં પીંગલા તુંજકું.
દગા દીઆ તુજે ધીક હે. સ્ત્રીય.
રાજ તજી અબ શીવકું રટના,
એહી તરન ભવ શીખ હે. સ્ત્રીય.

ભર્તૃહરી—(પોતાના ભાઇને વાસ્તે પશ્ચાતાપ કરેછે.)

રાગ શોરઠની ગજલ.

ડુબ્યો આજ તાપ વિલાપમાં, બંધુ તારો વીક્રમાદીત્યરે ટેક.
સુવીચાર ઘાટ નહિ સજ્યો, ત્રીયા કાજ ભ્રાત તુંને તજ્યો.
પાપી પીંગલાના પ્રબોધથી, ડુબ્યો ન્યાયીભાઇ વિનીતરે, ડુ.
વ્યભીચારીણી આપ્યું વનરે, આવે યાદ તારાં વચનરે;
ભેખ ધારણ હવે હું કરૂં. ખેદ બુઝસે ન ખચીતરે; ડુબ્યો.

ભર્તૃહરી—(સ્વગત)

રાગ ઝીંઝોટી

છોડદે અભિમાન, માન અબતો મનવા મેરા! છોડી. ટેક.
રાજપાટ સબ જુઠે જાનો, કયું તુંમ હોત હેરાન,
નારી પ્યારી નહીં હે તેરી, મત કરના ગુમાન માન; અ.
જુઠી પ્રીત જગતકી દેખી, મત ભુલે નાદાન,
બાહીર રંગ રૂપકુ દેખી, મત હોના ગુલતાન માન; અ.
ચલ જંગલમેં ભેખ ધરેંગે, તજી જગત તોફાન;
જગત સ્વપનસે જાગ્રત હોજા, ગુરૂસેં લેના જ્ઞાન. માન અ.

ભરથરી. **લાવણી.**

શુણો દિધદર્શિ હે સચીવા; ગૃહસ્થો ઉજજયની વાસી.

શુણો સકળહે રાજદ્વારી, કહે ભરથરી ઉદાસી. એ ટેક.
આ સંસારે રહો તમે સૌ, ગૃહસ્થાશ્રમછે સુખરાસી.
નિતિ સુખ મમ પ્રજા ભોગવો, હુંતો થયોછું ઉદાસી. શુણો.
કપટ રહીત શુદ્ધ દીલથી પ્રીતી, નર નારી જોડા સાચી.
કદી ન કરશો બુદ્ધિ કાચી, રહો સુખ સંસારે રાચી શુણો.
પુરૂષ સરવને પ્રથમ કહું કદી, પડો નાર પ્રિતિ ફાંસી;
શિયળ પતિવૃત નિતિ વૃષ્ટિ, હમેશ વરસાવો ખાસી. શુણો.
મન દ્રઢાવી કરો વજ્ર મય, ડગે ન અવિચળ થઈ જ્યારે.
ખરી પ્રીત અંતરથી લાગે, શુદ્ધ નારીઓ રહે ત્યારે. શુણો
કદીન અળગી એને કરશો, થઇ•નારના વિશ્વાસી;
પ્રસંગ એને તમે આપશો, નિતિથી જાશે નાસી. શુણો.
ઉપર ડોળ એનો નવ માનો, કરો પરિક્ષા તો સાચી;
ભોળા થઇને ભરમાશો નહિ, નમીને રહેશો નહી નાચી. શુણો.
આ સંસાર તણું એક સાર્થક, વિષય ભોગ ગણશો નાહી;
તલ્લીન તેમાં બહુ થશોમાં, ચપળ ચિત્તથી એ ચાહી.શુણો
માત્ર પ્રજા ઉત્પતિ હેતું, વિષય ભોગ વિશે રાખો;
પણ દિવસને રાત્રી એમાં ખુઓ ન જન્મારો આખો. શુણો.
તમે લુબ્ધ બહુ રહેશો તેમાં, સદા વિષય કેરે રંગે;
તો તે પણ તે ચાલ પકડશે, ઉપજશે દુઃખ એ અંગે શુણો
ચાલ આપણી હોય નઠારી, મિત્ર સુચવે તે માનો;
એ પર પુરૂં લક્ષ આપજો, હિતાહિત મનમાં જાણો. શુણો.
સંપી રહેજો ન્યાયે વર્તજો, દીર્ઘદર્શી શુરશેન તમે;
બાળાઓને બોધ આપજો, નીતિ ભોજન નિત્ય જમે. શુણો.

અરે દીર્ઘદર્શી આ રૈયત, પુત્ર સમાન ગણી પાળો.
કદી વિક્રમ આવ્યો સંભળાએ, વળી ક્યાંય નજરે ભાળો. શુ.
તો તેને જઇ કરી વિનતિ, ઉજેની માંહે લાવો;
પ્રતિજ્ઞા એની મૂકાવજો સૌ, કહી બનાવ બન્યો આવો. શુ.
માફી મારી વતી માગજો, કૃતઘ્ની હું એનો ભ્રાતા;
પુન્ય રૂપ પરમારથી એછે, સકળ પ્રાણીનો સુખદાતા. શુ.
પ્રજા દુઃખ એ શ્રવણ કરીને, આવી અહી ઉભો રહેશે;
પરદુઃખ ભંજન વિક્રમ મારો, અરે હશે ક્યાં શા વેશે. શુ.
હવે જંગલમાં જાઉછું હું, કફની હોય તે લાવોરે;
આ અંગરખા ઉપર પેરૂં, જોગ મને દરસાવોરે. શુણો.

વીદુષક—

અરે મહારાજ કોણ કફની આપે, મગદુર કોનો જોતો નથી.
કતલ એને હું કરી નાખું હવે મોતથી બીતો નથી;

ભર્તૃહરી— **રાહ—ઉપરનો.**

અરે મિત્ર વિદુષક મારા, દિલ મારૂં અહીંથી ઉઠયું.
હવે આગ્રહ તું વૃથા કરે છે, જગત મેં જાણ્યું છે જુઠું;
તારાં વચન મેં નવરે માન્યાં, ફળ તેનું મેંતો ચાખ્યું;
હવે સસ્વને સમજાવીને, રાખ શાંત નગર આખું;

વીદુષક—

તેં તો રાજા ભલેરે કહો છો, હું જુદો નથી રહેવાનો;
હું સંગે તૈયાર થયોછું, નથી મિત્ર હું કહેવાનો;
બાઇડીને મેં પ્રાતઃકાળે, પિઅરવળાવી પરમાણો;
કર્યું ઠેકાણે ઘર મેં સઘળું, ચેલો થઇ આવ્યો જાણો;

ભર્તૃહરી—

અરે મિત્ર શા માટે દુખીયો, થાવા આવે જંગલમાં;
અહીં રહી તું શુખ ભોગવજે, માનની કેરા મંગલમાં.

વિદુષક—

રાજ મિત્ર! એતે શું કહોછો! અરૂચી જગતની મુને હતી;
તમને અરૂચી થૈછે હમણાં, ઝપટ જગતની લાગી અતિ.

ગુલાબચંદશાહ—(ઉભો થઈને)—.

અરે રાજા જો જાઓ જંગલમાં, અમો તૈયાર કુટુંબ એંશી;
તમ સાથે ચાલીશું ભેળા, રહેશું નહી ઘરમાં બેશી.

માણેકચંદશાહ—

રાજા જોગી પ્રજારે ભોગી, એતે ન્યાય ક્યાંનો કહેવો:
અમે તૈયાર થઇને આવ્યા, પાછળથી પગ ઘો જેવો.

પ્રેમાણંદશાહ—

શોછે ધર્મજ રાજા કેરો, વિચારો નૃપતિ ગુણવંતા;
પ્રજા સુખને ન્યાયે કરશો, મુક્તિ પામશો યશવંતા.

ભરથરી—

પ્રેમાણંદશાહ વચન આપનું, સંસારીને સાચું છે;
યોગ સાધના નિવૃતિ વણુ, મોક્ષ પ્રયત્નજ કાચું છે—શુણો.
અરે પ્રધાના સમજાવે તું, પ્રીતિવંત પ્રજા મારી;
અવળી હઠ એ પકડી બેશે, વચન કહે કાંઇ વિચારી--શુણો.

(ભર્તૃહરી રાજ્યનો ત્યાગ કરી જંગલમાં જાયછે. ત્યારે પ્રધાન બોલે છે.

પ્રધાન.— **ગજલ.**

તુંમ ચલે કફની પેહેર કે, હમકુ કીયા કીસકે હવાલે,—ટેક.
તુંમ ચલોગે ઇસ બાજુપે, હમ પીવે બીખ કે પ્યાલે;
રાજા મત કરના ઐસા, તેરા પ્યાર દીલું સાલે. તુંમ.
તુંમ બીના એ પ્રજા, સબ હોત્તહી બે હાલે;
રૂદન કરતી તુજ પ્રિયા, મત ગલે કફની ડાલે. તુંમ.
બેહાલ કરકે સબકું, પ્યારા અબ ભેખ નાલે;
એસે ચલકે ઈહાંસે, ક્યું ગલેમે તોક ડાલે. તુંમ.

ભર્તૃહરી—

હમ જાતે જંગલ કે બીચ, જુઠી હે રાજકી જંજાલ; ટેક.
સાધન અપના છોડ કે, ઇધર મત હોના બે હાલ;
હે લખલ્યાનત ઓરતકું, મત ગુમાના ઉસસે કાલ. હમ.
બેહેતર હે સ્ત્રી દીલસેં, કભી હોવે ઝેરી ખ્યાલ;
અબ રાજ હમ નાંહી કરે, તૂમ રાજ અબ સંભાલ. હમ.
ભર્તૃહરી ગોરખ પાસે ભેખ લેવા જાય છે અને ત્યાં
જોગીઓ ગાય છે.)

જોગીઓ— **લાવણી.**

ધરો નીરંજન ધ્યાન, નાથ તૂમ ધરો નિરંજન ધ્યાન, ટેક
સદા તુંમ ભણો ભેખકે જ્ઞાન, રટો તુંમ ગુરૂ મછંદર નામ;નામ.
ફૂકડ તુંમ કરો બુટીયાં પાન,સમાધી સુખકી લે નિસાન. નામ.

પ્રવેશ ૧૫ મો.

પીંગળા **લલીત છંદ**

અરર સ્વામિરે, શું હવે કરૂં; અતિ નિષીદ્ધ મેં, કર્મ આચર્યું.

શિયળ ભંગમાં, પાપ ના ગણ્યું; સુખ અખુટ મેં આપનું હણ્યું.
દિઅર માહરા, શુદ્ધ જે અતિ; મુંજ પ્રતિ હતી, માતૃની મતિ.
અરર તેમની, શી કરી ગતિ; સ્મરણ કૃત્યનાં, શાં કરૂં પતિ.
દિઅર વિક્રમા, નિર્મળા મતિ: તૂજ વિષે થઇ, દુષ્ટ હું અતિ.
મન ગમ્યાં સદા, ભોગવ્યાં સુખો; કયમ સહ્યાં હશે, રાતનાં દુઃખો.
વિષય વાસનાથી, હું આંધળી; ભવિષ્ય ના નીહાળી, શકી જરી.
સકલ સુખ ભંડાર, માહરો; અદય દૈવ તું, લુંટી સંચર્યો.
પુરણ સત્યરે, સ્નેહ રાખતા; પતિ ગુમાવીને, લીધી આપદા.
નગર છોડીને, છોડી રાજરે; વિભુત ચોળી, છાંડી સમાજરે.
સુરજ આથમ્યો, માળવા તણો; ઉચરતા બધે, ત્રાહ્યરે જનો.
થઇ ઉજ્જેનિરે, તું અનાથરે; કકળતો રહ્યો, સર્વે સાથરે.
જગત શોકની, લાહ્યમાં બળે; નહિંજ કેમ તું, જીવ નીકળે.
કરમ કોપીણ, શું સુઝી મતિ; મુરખ પાપી મેં, આણી આ ગતી.
અસત દોષ મેં, સ્વામી ભ્રાતને; દઇ તજાવીઓ, દેશ સાથને.
અરર નારી હું, પાપી જારણી; દિઅર મોરી ઘો, આવીઓ ધણી.
કમળ મુખને, સ્યામ મેં કરી; કુળ લજાવીણ, ના ગઈ મરી.
રૂપ બળો અરે, શું કરૂં હવે; કુરૂપ તો થયું, કામને દવે.
દવ ઉઠી મને, બાળી નાંખ તું; જનુની પૃથ્વીરે, વા સમાવ તું.
અરર શું કરૂં, ક્યાં જઈ પડું; મળું સહાય થા, આવી ઢુકડું.

—o—

દાસી— **લલિત-**

ધિરજ ધારીને, બાઇ સાવધ; સબળ થઇ કરો, ક્લેશનો વધ.

નિર વહ્યા પછી, વ્યર્થ શોચના; નહિ થયું થયું, તે થશેજ ના.
અતિ પ્રચંડછે, જ્વાલ કામની; શિયળવૃત્તિ ત્યાં, જેવી દામની.
ચપળ ચિત્ત આ, સ્થિર ના રહે; વિષય પંચમા, દોડવા ચહે.
શૂર મુનીશ્વરો, જોગીને જતી; ભ્રમિત સર્વની, થાય જ્યાં મતી.
અબળ જાતની, શી વિસાત ત્યાં; રડી રડી કરી, આંખલાલકાં.
નહિ લલાટના, લેખરે મુકે; સમય મૃત્યનો, નિજ ના ચુકે.
ચતુરછો વિચારી, જુઓ તમે; ફળ કશું હવે, દેહને દમે.

પીંગળા, (સૌ મિત્રી શોચનો ત્યાગ કરો હવેરે, એ રાગ.)

શૃંગારમાં ડુબાવિતી, તમેજ મુને;
પીયુને તજાવનાર વેરી, અલંકાર સૃગારમાં. એ ટેક.
હિરા મોતી જડીત્ર કંકણ દુર જાઓ;
પોખરાજ રત્નહાર અદ્રસ્યજ થાઓ. પીયુને.
જરિઅન સાડી ચુડા મણિ બળી જાઓ,
રૂપ દેહીનું બળીને ખાખવત થાઓ. પીયુને.
અરે કાંપ મૂકયો મુજ હ્રદયમાં કાપ,
અરે બાજુબંધ ઉપજાવ્યો તમે તાપ. પીયુને.
શ્વેત વસ્ત્ર સાડી દાસી, લાવે તું આ વાર;
પ્રભુને શરણ થતું ઉતારી શૃંગાર. પીયુને.
શીયળ ભંગના પાપ થકી મુને ઈશ,
મુકત કરશે દિનાનાથ અરપું એને શીશ. પીયુને.

દાસી— રાગ—સદર.

ધારીએ વિમળ મતિ મોક્ષનીરે બાઇ,
પ્રભુ પ્રેમ પામવાને થાઓરે તૈયાર--ધારી.
સુદ્ધ -હદયથી જોડો પ્રભુ સંગે પ્રીત,
જેથી ભવપાર ઉતરશો ખચિત્ત.—પ્રભુ પ્રેમ.
જુઓ પાર ઉતારવા ભેખ ધર્યો ભુપ,
મિથ્યા પંચ ભુત અટિનામ રંગ રૂપ.—પ્રભુપ્રેમ.

પ્રવેશ ૧૬ મો.

રાજા ગુરૂની આજ્ઞાથી રાણી પાશે ભીક્ષા માગવા જાય છે ત્યારે રાણી બહારથી અલેક એવો શબ્દ સાંભળી રૂદનાલાપથી દાસી પ્રત્યે કહે છે.

રાગ ભોપાલી કલ્યાણ.

અલેક જગા કે દ્વારે ખડા જોગી; ટેક.
એ સ્વામીનૂ બીન અન્ય ન કોહુ, આયો માગન મભોગી; અલેક જગા કે.

ભર્તૃહરી—(નીચેની લાવણી બોલતો બોલતો રાણી પાસે આવે છે)

લાવણી.

(સુકરીત કરના હોય શો કરલે કો જાણે કલકી. એ ચાલ.)
દેખા નહીં કછુસાર, જગતમેં દેખા નહીં કછુ સાર;

મોહ બાજી મત લપટ્રા યારો, દેખા નહીં કછુ સાર. ટેક.
ચૌદ ચોકડી રાજ મીલે, પન ત્રશ્નાકા નહીં પાર;
ભોગ ભોગતે ઈંદ્ર અપસરા, ત્રપ્તી નહી લગાર.
ત્રપ્તી નહી લગાર જગતમેં.
જુઠા રંગ રૂપમેં ભુલી, ક્રીડા કરત ગમાર;
રૂપ વીર્ય બલ નાશ હુવા તબ, નહીં હે અપની નાર;
નહીં હે અપની નાર; જગતમેં.
પ્યારી મેરી જાની પીંગલા, હુમ રહા એકતાર;
તોભી કીયા કૃતઘ્ની રાની, અશ્વ પાલકું યાર.
અશ્વ પાલકું યાર જગતમેં.
અલ્પ બખતકા એહી તમાશા, દુખહે અપરંપાર;
બેશક ઈસકા ત્યાગ કરો તુંમ, ફેર પસતાના યાર;
ફેર પસ્તાના યાર જગતમેં.
એહી ભરથરી નાર ભરૂંસે, ભૂલિ હુવા ખુવાર;
એહી ભેખસેં જગત શીખ દઉં, નવ ડુબો સંસાર;
નવ ડુબો સંસાર જગતમેં.
મૈયા ભીક્ષા દેદે.

પીંગલા.— **શોરઠની ગજલ.**

પીયા દીનનાર પરે બડા, એસા જુલ્મ કયું પલમે કરદીયા; ટેક
જો બદનકે રક્ષન લાખથે, વોબદન પરી અબ ખાખહે;
ઇસ ચસ્મશેંમેં કેસે દેખું, ચશ્મ આપને તો ફુટાદીયા. પી.
એ કફ્‌ની ધારન દેખકે, મુઝે જલ્ત આતસ દીલમેં;
બેહાલ હોતી હું દેખકે, તુંમને ભેખ ધારન કયું કીયા. પી.

રાગ ભરથરીનો.

(જનુંની જીવોરે ગોપીચંદની એ રાગ.)

ધીક યુવા ધીક મુજને, ધીક કામ વીકારજી,
જેણેરે ભુલાવી મુને સત્યથી, કર્યા નીચ વીચારજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.
ક્ષમા કરોરે રાજા રંકછું, નારી અજ્ઞાન જાતજી,
અન્ય વખત આવું નહીં કરૂં, લાજ્યાં માતને તાતજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

કપટ રૂપી રાણી પીંગલા, એ શું બોલે વચનજી,
રાજરે તજ્યું તુજ કારણે, જો વિચારીને મનજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.
તુંરે ખોટી ખોટું રાજ છે, ખોટો સારો સંસારજી,
અલખ જગાવું વને એકલો, જેથી પામું ઉધારજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.

પીંગલા—

રહોતો રાજા રસોઇ કરૂં, જમતા જાઓ સ્વામીનાથજી,
ક્ષીરરે નીપજાવું ક્ષણું એકમાં, જમીએ આપણુ સાથજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી
મઢીરે કરાવું રંગ મહોલમાં, રાખું ગુપ્ત અવાસજી,
જેમરે જાણે નહીં જગતમાં, કરશું ભોગ વિસાલજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

મેહેલરે તારાંને રાણી શું કરૂં, કેવો શુભ અવાસજી,
ક્ષીરરે ભોજન તારૂં રાણી શું કરૂં નથી ભોગની આસજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.

વાસી જંગલના જોગી અમે, નહીં ગ્રામમાં વાસજી,
વિષની વેલીથી અલગો રહું, નહીં નારીનો પાસજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.

પીંગલા—

એ શું બોલોછો રાજા સુલક્ષણા, મારા પ્રાણ આધારજી.
જોગણ રૂપે સાથે ફરૂં, નવ તરછોડો નારજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભગવાં જોઇ રાજા ભરથરી, દાવાનળ દીલ થાયજી;
માઇ કહો ન મારાકંથજી, લાગે દેહમાં લાયજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

વધુંરે શું વહું રાણી પીંગલા, કરૂં અરે કેટલો ઉચારજી,
બંધુ જેવોરે બંધુ તજ્યો, માર્યો વચનનો મારજી;
હવેરે રાજને રાણી શું કરૂં.

બંધુંરે મારો લધુ વિક્રમ, આદીતવત શુધ આપજી,
કુડુંરે કલંક પાપી પીંગલા, તેં મુકાવ્યું અમાપજી;
હવેરે રાજને રાણી હું શું કરૂં.

પીંગલા—

અરધ દેહીરે રાજા અમતણી, અરે હવે થઇછે અંગારજી;
કામીરે અંધ પીંગલા પાપીણી, મૃતકને મારોમાં મારજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.
વાંકીરે વીધાતા મુંને ભુલવી, લખીયા લેખ તે લલાટજી,
આનુંરે પ્રાયશ્ચીત હવે હું શું કરૂં, મારગ આપો પૃથ્વીમાતજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

ભુલરે ભ્રાતા મે મોટી કરી, નવ કર્યો કાંઇ વિચારજી;
આરે દુષ્ટ ત્રીયા તંત્રથી, તારો કરયો તીરસ્કારજી;
આરે જખમ જોગે નહીં જશે.
ભ્રાતારે સરવ તું ભુલી જજે, ઘણો દીધો તુને દોષજી;
ભેખરે જોગી ભાઇ તારો ભરથરી, રાખીશમાં રતીએ તું;
રોષજી; આરે જખમ જોગે નહીં જશે;

પીંગલા—

ત્રણુસો નારીરે અન્ય આપની, માલવપતી મહારાજજી;
એકને કારણ એને નવ તજો, પાપી પીંગલાને કાજજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

મોહ છોડીદે રાણી પીંગલા, પ્રીતે કર સતસંગજી;
સચુંરે નથીરે કાંઇ કોઇનું, આ સંસાર પતંગજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.

દેતી હું તો ભીક્ષા દે મુંને, નહીકર કરૂં પ્રહ ત્યાગજી;
ગુરૂજી મારારે રોષે થશે, ચાલી જાય જમાતજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.
ગંગા ત્રઠે રાણી ઘર કરો, નાઓ નીરમલ નીરજી;
ધર્મને ધ્યાન નવ ચુકસો, જેથી થાય ઉધારજી;
ભીક્ષા દેને મૈયા પીંગલા.
(રાણી ભીક્ષા આપેછે તે લઇ બીજી રાણી પાસે જાયછે)
મૈયા યશોમાલતી ભીક્ષા દે દે.

યશો માલની   રાગ ઉપરનો.

રંક રાણી આ યશોમાલતી, એનો શું છે અપરાધજી;
પૂરણુ પતિવ્રત પાળતી, ઉર નાથ ભક્તી અગાધજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

શુણુરે રાણી યશોમાલતી, તારો નથી અપરાધજી;
વાંકરે મારી કામવૃતીનો, પ્રેમ પીંગલાશું કીધજી;
ભીક્ષા દેને મૈયા મુજને.

યશોમાલતી—

પાણીરે ગ્રહણુ રાજન કર્યા પછી, દગો નવ દીયો નાથજી;
આરે શૃંગાર બાજે વેશમાં, આરે કંકણુ છે હાથજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

હુંરે જોગી જંગલનો હવે, છોડયો આ સંસારજી;

પાણીરે ગ્રહણુ મેં પ્રભુથી કયુ, મોહ તું છોડીદે હે નારજી,
ભીક્ષા દેને મૈયા મુજને.
(ભીક્ષા આપેછે તે લેઇ ત્રીજી રાણી પાસે જાય છે.)
મૈયા કમલાક્ષી ભીક્ષા દે દે.

કમલાક્ષી—
વચન આપ્પુ હતું આજે આવવા, આ કમલાક્ષીને મોલજી;
ભેખરે ધરીને રાજા આવીયા, કુડા કીધો તમે કોલજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—
માયારે સાચી રાણી નવ માનતું, સુણ્ય કમલાક્ષી સુજાણુજી;
પ્રીતીરે જગતની પીતલ ગણો, હરી પ્રેમ ખરૂં હેમ જાણુજી;
ભીક્ષા દેને મૈયા મુજને.

કમલાક્ષી—
ધણીરે હોંસે મુજ માતા પીતા, તમને વરાવી ધરી વહાલજી;
આગ ન ઉઠાડો સૌના અંતરમાં, આમ ન કરોરે બેહાલજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—
વરાવી નથી તુજ માતા પીતા, પૂરવ સંચિતનો સબંધજી;
તેહેને તોડાવ્યો રાણી પીંગળા, નથી હવે જગતનો બંધજી;
ભીક્ષા દેને મૈયા મુજને.
આરાધું નીરંજન નાથને, થાઉં સમાધીસ્થ નારજી;
ગુરૂને ચરણુ તનમન અરપીયું, વિઘન કરે ન વિકારજી;

ભીક્ષા દેને મૈયા મુજને.
(ભીક્ષા આપેછે તે લઇ સૌથી નાની રાણીને ત્યાં જાયછે)
મૈયા ચંદ્રકળા ભીક્ષા દે દે,

ચંદ્રકળા—

નજર માલવ ભુપ ભરથરી, કરો હું છું નાનકડી નારજી;
ચુકીરે નથી કદી આ ચંદ્રકળા, સુખ નવ જાણ્યું સંસારજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

સાચુંરે ચતુર રાણી ચંદ્રકળા, તું છું નાનકડી નારજી;
સંબંધ તારો રાણી મેં તોડીયો, સુખ નવદીઠું તેં સારજી;
ભીક્ષા દેને મૈયા મુજને.

ચંદ્રકળા—

પ્યાડીરે તમારી પીંગલા, કીધું કુડું એણે કામજી;
સંબંધ છેકરે એનો તજી હવે, રહો એક મહારડે ઠામજી;
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ભર્તૃહરી—

લુબ્ધન થાઊં લલના જાતમાં, વચનો સુણી નવ કરંવાસજી;
ઝેરરે સારૂં રાણી ક્યાંથી સાંપડે, અંતે કરે એ વિનાશજી;
ભીક્ષા દેને મૈયા મુજને.

રાણી ચંદ્રકળા— ઈંદ્રસભાની ગજલ.

(જહાંવેસી તમકુ સજાવારકું; એ રાગ)

રાજાજી જંગલમાં, ભલે તમે જાઓ;
પ્રથમ મુજને મારીને, સુખીઆરે થાઓ;
લીધો જોગી વેશ, સકોમલ દેહ;
એકાએક અમને, શાને દીયો છેહ;
શું છે અપરાધ, અમારો કહો;
વિનારે સબબ, પ્યારા દીલને દહો;
ગલે નાંખું હાથ, જોગી પ્રાણનાથ;
અમો છું પતિવ્રતા, તુમારી સંગાથ;
નહીં બેશી રહીશું, ચાલીશું સંગ;
જીવતર અમારૂં, શાને કરોછો ભંગ.

ભર્તૃહરી—

અરે મૈયા નાહીં કરેરે વિલાપ,
આ સંસાર છે દુઃખ રૂપી અમાપ;
કીધો ત્યાગ મેં આ સંસારનો,
નહીં મોહ હાવે તમો નારનો;
નહીં સંગ કાંઇ તમારૂંરે કામ,
અહે બેહાં રટો હવે શીવ નામ;
જેથી ઉધાર તમારો થશે,
ક્ષણિક સંસાર સુખ ચાલ્યાં જશે;

નારીરે ભરૂંશે નર નવ ભુલશો, વેગે થશેરે વીનાશજી;
ખોળેરે મુકીને શીશ કાટશે, પુરી એને વિષયની પ્યાસજી;
નારીરે ભરૂંસે નર નવ ભુલશો

ન ગણે પુત્ર ન ગણે નાથને, ન ગણે માતને તાતજી;
નગણી નારીરે સઘું કોઇ નવ ગણે, ખરીએક ભોગની ખાંતજી:
નારીરે ભરૂસે નર નવ ભુલશો.
દીલરે જોડા જ્યારે દંપતિ, પવિત્ર રહી રાખો પ્યારજી:
નીતિએ સંસાર સુખ ભોગવો, ઇશ્વર કરશે ઉદ્ધારજી;
શુદ્ધરે દિલ રાખો દંપતિ.

રાણીઓ પાસેથી ભીક્ષા લઇ ભર્તૃહરી જાયછે. દરમ્યાનમાં તેની દીકરી રોતી કળકળની તેને વળગી પડેછે.)

કૃશ્નાકુમારી— રાગ.

(જફાવો સીતમકો સજાવારહું-એરાહ)
પિતાજી આ કોપ, તમે શો કર્યો,
જોગી વેશ બાપુ, શીદને ધર્યો;
મરી ગઇછે માત, વળી જાઓ તાત,
પિતા ઓથ કોનીછે, ઓરમાન માત;
દયા કાંઇ લાવો, આ છોરૂ પરે,
કૃપા પાત્ર હું છું, તમારૂં ખરે;
લડાવશે લાડ, પછી મુંને કોણ,
પ્યારી પુત્રી આવો, બા કેશેજ કોણ;
કુંવારી છું હું તો, તમારી સુતા,
વરાવી નથી કીધાં, ભગવાં પીતા;
અરે મારે સંસારમાં, નથી સાર,
પિતા જીવું તમારો, સંભારી પ્યાર;

ન બાપી કરી બાપુ, જાશે નહીં,
પીતા પાછળ નહીં, જીવું હું તો સહી;

રાગભેરવી.

શુણો મારા પ્યારા પિતા, હું છું દિન પુત્રી તમારી-ટેક.
પ્યાર તજીને ભગવાંરે કીધાં, કોણ લાડ કોડે, હો;
વરાવશે, હુંછું કુંવારી, શુણો મારા પ્યારા પિતા.
માતુ મરી ગઇ છે મુજનેરે, મૂકી હવે હું જીવું છુ.
પીતા તમારૂં હેત સંભારી—શુણો મારા પ્યારા પીતા.
અરજ પુત્રીની ઉરમાંરે ધારો, શીરછત્ર શું જોઇ સંચરો,
વનમાં વિસારો; હો

લાવણી.

(મન તું સમરણ કર હરનામ, એ ચાલ;
ફ્નાહે જગત સકલ હે ફ્ના, ઊપરસેં ખેલ અજબ યહ બના;
નહી હે નારી નેહ સચા, કામ યહ દેહીકા કચા.
મનમત લુભાના ઇસમેં, સાર બસ્તુ નહીં હે જીસમેં;
દેખને ગયા બીશ બેલી, લગાડત લાઇ પુત્રી છેલી;
મચ્છંદર નામ મુખસેં રટું, મોહમે અબ કેસે લપટું. ફ્નાં.
ભીક્ષા ગુરૂ માંગ કે લાયા, શરન યહ ભરથરી આયા;
સમાધી બીશે ગુરૂ મેરા, ચેલા યહ આયે તુમેરા.
કૃપાકી દ્રષ્ટી અબ કીજે, મંત્ર ભવ તારનકા દીજે;
જગતકી જ્વાલ બુઝાવેગે, કૃપાકર કર મુજ સાહોગે. ફ્ના;

બાદ તમામ પાત્રો મળી સભાની રજા માગેછે.

રાગ કલ્યાણ.

પ્રેમ સભાજનો, હવે રાખજો તમો,
સદા પ્રસન્ન મનથી, રજા લઇએ અમો. ટેક.
ભુલ ચુક ખામી ખોડ, ખેલે ખેલે આજ;
ભારી સુધારાને માટે, માગે આ સમાજ. પ્રેમ.
જેમ ખેલ જોયો તેમ, સારી ધારી ટેક;
દેશી દેશને સુધારો, રાખીને વિવેક. પ્રેમ.
આર્ય સુબોધ ભજવે, ખેલ જોવા કીધું મન;
આભારી અમો થયા છીએ, આપ્યું ઉત્તેજન. પ્રેમ.
અવર ખેલમાં આપ પધારી, દેશો દર્શન દાન;
મેહેરબાનોની રજા માગી, જઇએ છીએ સ્વસ્થાન. પ્રેમ.

સમાપ્ત.

જાહેર ખબર.

નિચે લખેલાં પુસ્તકો જેઓ સાહેબોને જોઇતાં હો ય તેમણે ભાવનગર, જુનાગઢ, જામનગર, રાજકોટ, ગોંડલ વિગેરેના બુકસેલરો પાસેથી અથવા મોરબી આર્યસુબોધ નાટકમંડળીનો મુકામ હોય ત્યાં તેના મેનેજર પાસેથી યા ને મોરબી તળપદમાં ગ્રંથકર્ત્તા પાસેથી રોકડી કીમત મોક લી મંગાવી લેવાં. જથાબંધ મંગાવનારની સાથે કમીશન ની સમજુત પત્રદ્વારા કરવામાં આવશે.

	કિમ્મત.
	રૂ. આ. પા.
ભર્તૃહરી નાટક મોટું-આવૃતિ ૨ જી	૧—૦—૦
સદર ગાયન	૦—૨—૦
ચાંપરાજ નાટક મોટું	૧—૦—૦
સદર ગાયન	૦—૨—૦
ઉષાહરણ નાટકનાં ગાયન	૦—૩—૦
કેદારસિંહ પરમારનાં નાટકનાં ગાયન	૦—૨—૦
ઉદેપૂરના રાણા રાજસિંહના નાટકનાં ગાયન	૦—૨—૦
સીતાસ્વયંવર નાટકનાં ગાયન	૦—૨—૦

રાણા રાજસિંહનું નાટક તથા કેદારસિંહ નાટક હવે પ- છી બહાર પડશે દરેકની કિમત અગાઉથી રૂ૦ાાા ને પા- છળથી રૂ૧) છે. જેઓને ગ્રાહક થવું હોય તેમણે લખી મોકલવું તા. ૨૦—૧—૮૭ મોરબી.

વાઘજી આશારામ ઓઝા.
ગ્રંથકર્ત્તા.